

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT


અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 161
Dt.: 21-02-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાની ગદ્દારોને ચેતવણી

# આતંક ફેલાવનારા દયાની ભીખ માંગશે એવી સજા કરીશું: મનોજ સિન્હા

## કલમ-૩૭૦ નાબુદ થયા બાદ વિશ્વાસ ઉભો થયો: કાશ્મીરી પંડિતોને સન્માન-સુરક્ષા સાથે પરત લવાશે: પુસ્તક વિમોચન કાર્યક્રમમાં મનોજ સિન્હા બોલ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ દેશના ગદ્દારો અને આતંકવાદીઓને ગંભીર ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, દેશ વિરુદ્ધ ગદ્દારી કરનારાઓ અને આતંકવાદીઓને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં નહીં આવે. તેમણે દેશની સુરક્ષા બગાડનારા તત્ત્વોને સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે, સુરક્ષા એજન્સીઓ આતંકવાદ સંબંધી તમામ કેસોની ગંભીરતાથી તપાસ કરી રહી છે, જો કોઈપણ દોષિતો પકડાશે તો તેમના વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. આ દરમિયાન તેમણે કેન્દ્ર સરકાર કાશ્મીરી પંડિતોને પરત લાવવા માટે પ્રતિબંધ હોવાનું જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચન આપ્યું છે કે, કાશ્મીરી પંડિતોને સંપૂર્ણ સન્માન અને સુરક્ષા સાથે પરત લાવવામાં આવશે. જમ્મુ-કાશ્મીર યુનિવર્સિટીના રાજેન્દ્ર સિંહ સભાગારમાં પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું કે, 'કાશ્મીર પંડિતોને સન્માન સાથે ઘરે પરત લાવાવ માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. વડાપ્રધાને કાશ્મીરી પંડિતોને સંપૂર્ણ સુરક્ષા અને સન્માન સાથે ઘરવાપરી કરાવવાનું વચન આપ્યું છે. આપણી ધરતી પર અજાણ્યા બની જવું તે વિશ્વના સૌથી મોટા દુઃખોમાંથી એક છે. હું કાશ્મીરી પંડિતોના તે દર્દને અનુભવી રહ્યો છું, જેમાં ૧૯૮૯-૯૦માં તેમણે રાતોરાત પોતાના ઘરો છોડવા પડ્યા હતા. હું કાશમીરી પંડિતોની જબરદસ્ત ભાવનાને સલામ કરું છું. કાશ્મીરી પંડિતોને પરત લાવવા માટે માઈગ્રન્ટ વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ તે લોકો માટે હતું, જેમની જમીન પર કબજો કરવામાં આવ્યો હતો.' તેમણે વધુમાં કહ્યું કે, 'યુવા પેઢીઓએ તે ક્યારેય ભુલવું ન જોઈએ કે, પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ હજારો નિર્દોશ કાશ્મીરી મુસલમાનોની હત્યા કરી છે. આમાંથી કેટલાક કિસ્સાઓ હૃદયદ્રાવક હોય છે, જેમને યાદ કરીએ તો બોલતા પણ ખચકાટ થાય છે. ગત વર્ષથી તે પરિવારોને ન્યાય મળવાનો શરૂ થયો છે અને તેઓને જરૂરી ચીજવસ્તુઓ અને રોજગારી આપવાના પ્રયાસો ચાલી રહ્યા છે. મનોજ સિન્હાએ કહ્યું કે, 'ઓગસ્ટ-૨૦૧૯માં કલમ-૩૭૦ નાબુદ થયા બાદ વિશ્વાસ ઉભો થયો છે કે, કાશ્મીરી પંડિત સમાજની યુવા પેઢી કોઈપણ ડર વગર પોતાના ઘરે પરત ફરી શકે છે. વર્ષ ૨૦૧૯થી જમ્મુ-કાશ્મીર મોટા વિકાસ સાથે આગળ વધી રહ્યું છે. અહીંના લોકોએ પોતાના સપના અને કિસ્મતને બરબાદ કરવાના દુશ્મનોના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યો છે. સરકારે અનેક પ્રયાસો કર્યા બાદ તેઓની જમીનની જૂની શાન પરત લવાઈ છે અને વિકાસ ઝડપી થયો છે. સરકાર ટૂંક સમયમાં આ જમીનને આતંકવાદના ખતરાથી મુક્ત કરાવશે.' એલજીએ કહ્યું કે, 'આતંકવાદ સાથે સંકળાયેલી તમામ ઘટનાઓનો સામે લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. પ્રજાના સપનાને બરબાદ કરનારાઓને આકરો જવાબ અપાશે. આતંકવાદ સાથે જોડયેલા તમામ તત્વોની એવી હાલત કરાશે, એવી સજા અપાશે કે આતંકનો ઈકોસિસ્ટમ પણ રહેમની ભીખ માગવા લાગશે. અમે આતંકવાદ ફેલાવનારા આતંકવાદીઓ અને મદદગારોને ક્યારે માફ ન કરી શકીએ.

### ચીન-પાક. મોઢું જોતાં રહ્યા

# ભારત-અમેરિકા વચ્ચે મોટી ડીલ, AI જગતના સૌથી મોટા ગઠબંધનમાં એન્ટ્રી

## ભારત સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિશ્વના સૌથી મોટા ગઠબંધનનો હિસ્સો બન્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે શુક્રવારે **AI** સમિટ દરમિયાન અમેરિકાના નેતૃત્વ હેઠળના **'Pax Silica'** (પેક્સ સિલિકા) એલાયન્સમાં જોડાવાની જાહેરાત કરી છે. નવી દિલ્હીમાં થયેલા આ કરાર સાથે જ ભારત સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ **(AI)** ના વિશ્વના સૌથી મોટા ગઠબંધનનો હિસ્સો બની ગયું છે.

આ સંગઠનનો મુખ્ય હેતુ સેમિકન્ડક્ટર અને રેર અર્થ મટિરિયલ્સ **(Rare Earth Materials)** ની સપ્લાય ચેઈનને કોઈપણ અવરોધ વગર ચાલુ રાખવાનો છે. ખાસ કરીને એવા દેશો પર નિર્ભરતા ઘટાડવાનો છે જે આ એલાયન્સનો હિસ્સો નથી. જોકે કરારમાં કોઈ દેશનું નામ લેવામાં આવ્યું નથી, પરંતુ સ્પષ્ટ છે કે આ ઈશારો ચીન તરફ છે. પાકિસ્તાન પણ આ ગ્રુપમાં સામેલ નથી.

ભારત અને અમેરિકા ઉપરાંત આ એલાયન્સમાં ઓસ્ટ્રેલિયા, ગ્રીસ, ઈઝરાયેલ, જાપાન, કતાર, દક્ષિણ કોરિયા, સિંગાપોર, બ્રિટન અને સંયુક્ત આરબ અમીરાત **(UAE)** જેવા દેશો સામેલ છે. આ દેશો સાથે મળીને ગ્લોબલ ટેક ઈકોસિસ્ટમ તૈયાર કરશે. પાંચ દિવસીય **AI** સમિટના છેલ્લા દિવસે આ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં વિશ્વભરના ટેક લીડર્સ અને ૬૦૦ જેટલા સ્ટાર્ટઅપ્સ હાજર રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, "દુનિયાને ભારત પર ભરોસો છે. આપણી પાસે મોટું ટેલેન્ટ પૂલ અને વિશ્વસનીય વિદેશ નીતિ છે. **Pax Silica** સંગઠન સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન, મેન્યુફેક્ચરિંગ અને ચિપ ડિઝાઈન માટે અત્યંત મહત્વનું છે."

૧૦ પ્લાન્ટ તૈયાર: ભારતમાં ૧૦ સેમિકન્ડક્ટર પ્લાન્ટ તૈયાર થઈ ચૂક્યા છે અને ટૂંક સમયમાં ઉત્પાદન શરૂ થશે.

એડવાન્સ ટેકનોલોજી: હાલમાં ભારતમાં અત્યંત એડવાન્સ 'નેનોમીટર ચિપ્સ' ડિઝાઈન કરવામાં આવી રહી છે.

ફ્રી સોસાયટી: અમેરિકન રાજદૂત સેર્જિયો ગોરે ભારતનું સ્વાગત કરતા કહ્યું કે આ કરાર મુક્ત સમાજ અને અવિરત સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરશે.

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ પણ આ સમિટમાં હાજર હતા. તેમણે કહ્યું કે ભવિષ્યમાં **AI** ખૂબ જ મહત્વપૂર્ણ છે અને ભારત-અમેરિકા વચ્ચેનો આ કરાર છૈંનો લાભ દરેક સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. ગૂગલ આ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સેતુ બનવા બદલ ગર્વ અનુભવે છે.

### સત્તા પલટતાં જ બાંગ્લાદેશના સૂર બદલાયા!

# બાંગ્લાદેશે ભારતીયો માટે વિઝા સેવા ફરી શરૂ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા,

બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તારિક રહેમાને ભારતીય નાગરિકો માટે ફરીથી વિઝા સેવા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. શેખ હસીના સરકારનો સત્તાપલટો થયો તે પછી ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં ખટાશ આવી હતી.

બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા પણ વધી હતી. એવામાં હવે ચૂંટણી બાદ ચૂંટાયેલી નવી સરકાર સત્તામાં આવતા જ બાંગ્લાદેશના સૂર બદલાયા છે. એવું લાગી રહ્યું છે કે બાંગ્લાદેશ હવે ભારત સાથે સંબંધો સુધારવા માંગે છે.

દિલ્હી સ્થિતિ બાંગ્લાદેશ હાઈ કમિશને ભારતીય નાગરિકો માટે વિઝા સેવા ફરીથી શરૂ કરવાની જાહેરાત કરી છે. આશરે બે મહિના અગાઉ બાંગ્લાદેશે ભારતીયોના વિઝા બંધ કર્યા હતા. જોકે ત્રણ દિવસ પહેલા જ મ્દ્ઁ નેતા તારિક રહેમાને બાંગ્લાદેશના વડાપ્રધાનની ખુરશી સંભાળી છે.

ડિસેમ્બર મહિનામાં બાંગ્લાદેશમાં વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા બાદ બાંગ્લાદેશે ભારત પર ગંભીર આરોપ લગાવ્યા હતા. બીજી તરફ બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસાની ઘટના વધી રહી હતી. એવામાં બંને દેશોએ એકબીજાના નાગરિકો માટે વિઝા પર રોક લગાવી હતી. જોકે હવે ઢાકામાં યુનુસની વિદાય બાદ બંને દેશો વચ્ચેની કડવાશ દૂર થવાના સંકેત મળ્યા છે. નોંધનીય છે કે ભારત અત્યારે બાંગ્લાદેશીઓને માત્ર ડબલ એન્ટ્રી વિઝા અને મેડિકલ વિઝા જ આપે છે. એવામાં હવે અન્ય શ્રેણીમાં પણ વિઝા સેવા શરૂ ટૂંક સમયમાં જ શરૂ થાય તેવી શક્યતા છે. આ અઠવાડિયે જ તારિક રહેમાનની શપથવિધિ કાર્યક્રમમાં ભારતની લોકસભાના સ્પીકર ઓમ બિરલા સામેલ થયા હતા. બિરલાએ **PM** મોદીનો પત્ર રહેમાનને સોંપ્યો અને તેમને ભારત આવવા આમંત્રણ આપ્યું. નોંધનીય છે કે મોટા ભાગે બાંગ્લાદેશમાં નવી સરકારના વડાપ્રધાન પોતાની પહેલી વિદેશ યાત્રામાં દિલ્હી જ આવતા હોય છે. જોકે મોહમ્મદ યુનુસ આ પરંપરા તોડીને ચીન ગયા હતા. હવે જોવાનું રહેશે કે રહેમાન પોતાની પ્રથમ વિદેશ યાત્રામાં કયા દેશની પસંદગી કરે છે.

# રાજ્યસભાની ૧ બેઠક માટે મહાવિકાસ અઘાડીમાં ખેંચતાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં આગામી રાજ્યસભાની ચૂંટણીને લઈને મહા વિકાસ આઘાડી(**MVA**) ગઠબંધનમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ગઠબંધન પાસે વિધાનસભામાં માત્ર એટલું જ સંખ્યાબળ છે કે તેઓ સાતમાંથી માત્ર એક બેઠક જીતી શકે તેમ છે. આ એક બેઠક માટે શિવસેના(**UBT**) એ પોતાનો દાવો રજૂ કર્યો છે. આદિત્ય ઠાકરેએ પક્ષના ધારાસભ્યોની સંખ્યાને ટાંકીને જણાવ્યું હતું કે, ગણિત મુજબ આ બેઠક તેમના ભાગે આવવી જોઈએ. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે અત્યાર સુધી ગઠબંધનમાં બેઠકોની વહેંચણી અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી.

બીજી તરફ, રાજ્યસભાની આ જ બેઠક પર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે પણ લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સંજય રાઉતે માહિતી આપી હતી કે, શરદ પવારનો કાર્યકાળ એપ્રિલમાં પૂર્ણ થઈ રહ્યો છે અને તેઓ ફરીથી ગૃહમાં પરત ફરવા માંગે છે.

શરદ પવાર જેવા કદાવર નેતા જ્યારે ચૂંટણી લડવાની તૈયારી બતાવે, ત્યારે ગઠબંધને આ મુદ્દે ગંભીરતાથી વિચારવું પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો શરદ પવાર રાજ્યસભામાં જાય, તો તેના બદલામાં શિવસેના(**UBT**) આગામી વિધાન પરિષદની એક બેઠક પોતાની માટે માંગી શકે છે.સંજય રાઉતે પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને પણ વિધાન પરિષદમાં ફરીથી પ્રવેશવા માટે આગ્રહ કર્યો છે. ઉદ્ધવ ઠાકરેનો કાર્યકાળ મે મહિનામાં સમાપ્ત થઈ રહ્યો છે. રાઉતના મતે, સંગઠન અને કાયદાકીય બાબતો માટે ઉદ્ધવ ઠાકરેની વિધાનમંડળમાં હાજરી અનિવાર્ય છે.

### હિલેરી ક્લિન્ટનનું ધૂમધામથી સ્વાગત કરાયું

# મુંબઈમાં અંબાણી પરિવારના ઘરે મહેમાન બન્યા હિલેરી ક્લિન્ટન

## અંબાણી પરિવારે અમેરિકાના ભૂતપૂર્વ સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લિન્ટનને મુંબઈમાં તેમના ઘરે આમંત્રણ આપ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણી, તેમની પત્ની નીતા અંબાણી અને પુત્રી ઈશા અંબાણીએ અમેરિકાના ભૂતપૂર્વ સેક્રેટરી ઓફ સ્ટેટ હિલેરી ક્લિન્ટનને મુંબઈમાં તેમના ઘરે આમંત્રણ આપ્યું હતું જેથી હિલેરી ક્લિન્ટન તેમના ઘરે ગયા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર એટલે કે **nmacc.india**ના પેજ પર તેઓ મુલાકાતે આવ્યા હતા તેની તસવીરો પણ શેર કરવામાં આવી છે.

તસવીરો અપલોડ કર્યા બાદ કેપ્શનમાં એ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે નીતા અંબાણી અને મુકેશ અંબાણીએ મુંબઈ સ્થિત તેમના ઘરે હિલેરી ક્લિન્ટનનું સ્વાગત કર્યું. સાથે જ એ વાત પણ જણાવામાં આવી કે આ સાંજ મિત્રતા, વાતચીત, કલા અને સંસ્કૃતિ પ્રત્યેના સહિયારા પ્રેમના ઉત્સવની સાંજ હતી.

આપને જણાવી દઈએ કે હિલેરી ક્લિન્ટન હાલ મુંબઈમાં આવ્યા છે અને મુંબઈ ક્લાયમેટ વીકના પ્રથમ સત્ર દરમિયાન ભારત ક્લાયમેટ ચેન્જ સામે જે રીતે લડી રહ્યું તેમાં નવીનતાને લઈને તેમણે વખાણ કર્યા હતા. સાથે જ તેમણે કહ્યું કે પર્યાવરણ માટે નવી અને સહયોગી રીતો અપનાવવી જરૂરી છે.

હિલેરી ક્લિન્ટને જાહેર અને ખાનગી ક્ષેત્રોને સારી રીતે જોડવાની વાત કરી. સાથે જ તેમણે કહ્યું કે "આપણે જાહેર, ખાનગી અને પરોપકારી ક્ષેત્રોને એકસાથે કેવી રીતે લાવી રહ્યા છે તે મુદ્દે સર્જનાત્મક બનવું પડશે. વધુમાં તેમણે કહ્યું કે હું અહીંયા આવીને અને ક્લિન્ટન ગ્લોબલ ઈનિશિયેટિવનું પ્રતિનિધિત્વ કરવા પર વધારે ઉત્સાહિત ન હોઈ શકું, કારણકે અમે એવા ભાગીદારો શોધી રહ્યા છે જે સખત કામ કરવા અને ફરક લાવવા માગે છે અને જ્યારે પરિણામ આવે તે જોવું પડે."

ઉલ્લેખનીય છે કે મુંબઈ ક્લાઈમેટ વીકને હિલેરી ક્લિન્ટને એક મહત્વની શરૂઆત જણાવી હતી. તેમણે એ વાતનો વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ કાર્યક્રમથી મોટા ફેરફારની શરૂઆત થશે. મુંબઈમાં આ પ્રથમ ક્લાઈમેટ સેશન લોકોને એકત્રિત કરીને જરૂરિયાત મુજબના ફેરફારની શરૂઆત છે તે વાતનો પણ હિલેરી ક્લિન્ટને ઉલ્લેખ કર્યો હતો.

# બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાને જામીન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બિટકોઈન કૌભાંડ મામલે બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાને જામીન આપી દેવામાં આવ્યા છે.

મુંબઈમાં આવેલી પીએમએલએ કોર્ટ દ્વારા તેમને જામીન આપવામાં આવ્યા હતા. બિટકોઈન સાથે સંકળાયેલું આ કૌભાંડ ૧૫૦ કરોડનું છે. એક દિવસ અગાઉ જ મુંબઈની સ્પેશિયલ કોર્ટે રાજ કુંદ્રા વિરુદ્ધ સમન્સ જાહેર કર્યું હતું. ઈડીની ચાર્જશીટને ધ્યાનમાં લેતા કોર્ટે આ કાર્યવાહી કરી હતી. આ મામલે દુબઈ સ્થિતિ બિઝનેસમેન રાજેશ સતીજાને પણ સમન્સ મોકલાયું હતું. બંનેને કોર્ટમાં



હાજર રહેવા આદેશ કરાયો હતો.

**ED**એ સપ્ટેમ્બર ૨૦૨૫માં **PMLA** હેઠળ નોંધાયેલા કેસમાં સ્પેશિયલ કોર્ટમાં સપ્લીમેન્ટરી ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં રાજ કુન્દ્રા અને રાજેશ સતીજાને આરોપી બનાવવામાં આવ્યા હતા. તપાસ એજન્સીના જણાવ્યા પ્રમાણે, કુખ્યાત ગેન બિટકોઈન પોન્ઝી કૌભાંડના માસ્ટરમાઈન્ડ અને પ્રમોટર અમિત ભારદ્વાજે રાજ કુન્દ્રાને યુક્રેનમાં બિટકોઈન માઈનિંગ ફાર્મ શરૂ કરવા માટે ૨૮૫ બિટકોઈન આપ્યા હતા.

જોકે, આ સોદો આગળ વધી શક્યો નહોતો, પણ ઈડ્ઢનો દાવો છે કે આ ૨૮૫ બિટકોઈન આજે પણ રાજ કુન્દ્રા પાસે જ છે, જેની હાલની કિંમત ૧૫૦ કરોડ રૂપિયાથી પણ વધુ થાય છે. ચાર્જશીટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કુન્દ્રાએ આ વ્યવહારમાં પોતાની જાતને માત્ર એક મધ્યસ્થી ગણાવ્યા હતા, પરંતુ આ વાત સાબિત કરવા માટે તે કોઈ મજબૂત દસ્તાવેજો રજૂ કરી શક્યો નથી.

